# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા ખાતે ટ્રાયબલ સબ પ્લાન યોજના અંતર્ગત એક દિવસીય ખેડુત તાલીમનું આયોજન

મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા મધ્ય ગુજરાતના મુખ્ય પાક એવા મકાઈનું વધુ ઉત્પાદન માટે અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી **ટ્રાયબલ સબ પ્લાન** યોજના અંતર્ગત "**મકાઈ પાકમાં બીજ ઉત્પાદન અને તેનું મહત્વ**" વિષય પર **તા. ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬** ના રોજ ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. આ તાલીમ કાર્યક્રમમાં છોટાઉદેપુર જીલ્લાના **૪૨** જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધેલ હતો.

આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના ડૉ. કે.એન. પ્રજાપતિ, યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) દ્વારા મકાઈ પાકમાં બીજ ઉત્પાદનની તાંત્રિકતાઓની માહિતી , ડૉ. પી.કે.પરમાર, સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ) દ્વારા મકાઈ પાકની મુલ્યવર્ધિત, સંયોજિત તેમજ સંકર જાતોની માહિતી, ડૉ. પી.ડી.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા શિયાળુ મકાઈ પાકની ખેતી તેમજ સંકલિત પોષણ વ્યવસ્થાપન વિષે તેમજ શ્રી પી.જી રાઠવા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ વિષે ખેડૂતોને વિસ્તૃતમાં માહિતી આપેલ હતી. તાલીમ કાર્યક્રમની અંતમાં ખેડૂતોને ફાર્મની મુલાકાત કરાવી સ્પ્રે પંપ તેમજ જૈવિક ખાતરનું વિતરણ કરવામાં આવેલ હતું.









